Atmaj

I2OR

PIF Powered by I2OR

Academic Research Journal

An International Peer-Reviewed Research Journal

ISSN: 2348 - 9456

Impact Factor 5.880

Volume-21, Issue -9, Jan.-June - 2024

Editor-In-Chief

Dr. Dilkhush Patel

Scanned with CamScanner

Volume – 21 Issue – 9, Jan.– June - 2024

ISSN: 2348-9456
Impact Factor: 5.881

Content of the Table

Sr. No.	Title of the Paper	Author	Page No.
1	वर्तमान की पर्यावरणीय समस्याओं का संस्कृत वांग्मय में समाधान।	Dr.Hansaben Balabhai Gujariya	1
2	આર્ટસ, કોમર્સ અને સાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓમાં સામાજિક સમાયોજન અને માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ	ભાવના સી. વાંઝા	8
3	तुलनात्मक साहित्य पर आलोचनात्मक प्रतिक्रियाएँ	प्रा. डॉ.मुकेशकुमार ए.कांजिया	16
4	માનસિક સ્વાસ્થ્ય માટે રમતગમત, શારીરિક શિક્ષણ અને યોગની ભૂમિકા	Dr. Nileshbhai R. Patel	22
5	India's Journey to Becoming a Developed Country: VIKSIT BHARAT - 2047	RENUKA B. CHAVDA	27
6	હોસ્પિટલના સ્ત્રી કર્મચારીઓનો વ્યાવસાયિક મનોભારનો અભ્યાસ	Dr MEGHANA R.PATEL	31
7	NEP 2020: Physical Education an Overview	PUJARA RUTVI HITESHBHAI	35
8	Social Commerce: A Comprehensive Review of Social Media's Role in E -Commerce	Prashant Kachhela	38
9	Top Ten Innovative Methods in Teaching English Language	Ms. Manisha Oza	43
10	ભારતીય સંસ્કૃતિ : વિવિધતામાં એકતા	ડો. મીનાક્ષીબેન આર. પટેલ	48
11	Effect of Pranayama and Meditation Training on Anxiety of College Student	Dr. Rachnaben N. Patel	51
12	'વસુધૈવ કુટુમ્બકમ' - પ્રાચીન ભારતનો વારસો	DR. POOJABEN HARENDRABHAI THAKER	54
13	Contribution of Tourism Industry in Indian Economy: an Analysis	Dr. Odedara Haja D.	57
14	Family Structures and Dynamics in the 21st Century: Trends, Challenges, and Implication	Dr. Tnuja R. Kalola	62
15	Strengthening Social Innovation Ecosystem through Business Management	Dr. Supriya Korgaokar	65
16	Value Build-up Through Sports and Physical Education	Dr. Tauseef I. Pathan	70
17	Youth Problem Among Adolescents: A Study with Reference to Educational Level, Gender and Residential Area.	DR.VARSHA V. DHOLARIYA	73
18	Karan Ghelo: Translating a Gujarati Classic of Love and Passion, Revange and Remorse	Anuja B Patel	77
19	A COMPARATIVE STUDY OF MENTAL HEALTH OF GOVERNMENT & PRIVATE TEACHER	Dr. Tejal B. Nasit	81
20	A Study of Literature Review on Goods and Services Tax (GST) in India	Pushpa Vaghela	84

Scanned with CamScanner

Volume – 21 Issue – 9, Jan.– June - 2024

ISSN: 2348-9456
Impact Factor: 5.880

" હોસ્પિટલના સ્ત્રી કર્મચારીઓનો વ્યાવસાયિક મનોભારનો અભ્યાસ"

Dr MEGHANA R.PATEL
GOVTRNMENT ARTS,COMMERCE AND SCEINCE COLLEGE KHERGAM,NAVSARI

પ્રસ્તાવના

માનવી જરૂરિયાતોનું પોટલું છે.આજે વીસમી સદીના અંત ભાગમાં સ્ત્રીને પુરુષની જેમ સમાન દરજ્જો,સ્વતંત્રતા અને અધિકારો બધાનાં મુખેથી સાંભળવા મળે છે.છતાં પણ તેઓમાં મનોભાર જોવા મળે છે.

આમ તો જીવનની દરેક અવસ્થામાં સમસ્યાઓ જોવા મળે છે.જન્મથી માંડીને મૃત્યુ સુધી મનુષ્યએ લડવાનું જ છે.આમ પણ સ્ત્રીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે.આ વ્યવસાય જગતમાં અનેક પ્રકારના વ્યવસાયનો સમાવેશ થાય છે.જેમાં વ્યક્તિ પોતાની પસંદગી લાયકાત અને જરૂરિયાત પ્રમાણે જુદ-જુદા વ્યવસાયમાં જોડાય છે.વિવિધ પ્રકારની જરૂરિયાતો વ્યવસાયિક મનોભારના અસ્તિત્વને તકાવવા માટે જરૂરી છે.વ્યક્તિની શારીરિક જરૂરિયાતો વ્યવસાય દ્વારા સંતોષાય જ છે. વ્યક્તિ કાર્ય કરવામાં આનંદ અનુભવે છે.પરંતુ જ્યારે પોતાની અપેક્ષા પ્રમાણે કાર્યમાંથી વળતર મળતું નથી ત્યારે વ્યવસાયિક મનોભારનું પ્રમાણ વત્તા ઓછા પ્રમાણમાં થાય છે.કાર્ય પ્રત્યેનો મનોભાર એવા પરિણામો નિષ્પન્ન કરે છે.જે વ્યક્તિ માટે,સંસ્થા માટે,સમાજ માટે નુકશાન સાબિત થાય છે.

કર્મચારીને જો પોતાના કાર્ય પ્રત્યે આકર્ષણ હશે તો તેનામાં કાર્ય કરવાની પ્રેરણા અને ધગશ ઉત્પન્ન કરે છે.જો વ્યક્તિને કાર્યમાં રુચિ નઇ હોય તો નિષ્ઠામાં ઘટાડો કરે છે.તેથી વ્યવસાયિક મનોભારના લક્ષણો વ્યક્તિમાં જોવા મળે છે.

મનોભાર એટલે શું?

"મનોભાર એટલે ધમકી,હતાશા,કે સંઘર્ષથી એવી પરિસ્થિતિ જે વ્યક્તિની શારીરિક કે માનસિક શક્તિ પર ભારરૂપ બને"

(બેરોન,બાયરન,કેન્ડ્રીવીકઝ)

"જ્યારે મુશ્કેલીનો તાત્કાલિક ઉકેલ મળે નહિ ત્યારે જે માનસિક અવસ્થા ઉદભવે છે તેને મનોભાર કહે છે."

મનોભારને ગ્રીક ભાષામાં મનની દ્વિધા કોઇ કાર્ય કરવું કે ન કરવું ની અનિશ્ચિતતા એવો થાય છે.જ્યારે લેટિન ભાષામાં મનોભાર એટલે ફસાઇ જવું કે રૂધાંવવું એવો થાય છે.જોવા જયે તો મનોભાર એ સમાયોજનની જ સમસ્યા છે.

મનોભારને અંગ્રેજીમાં "stress" કહેવામાં આવે છે. "stress" શબ્દ એ ફીઝીક્સ અને એન્જીનીયરીંગમાંથી લાવેલો શબ્દ છે.જે વ્યક્તિ પર ત્રણ બાબતો પર અસર કરે છે.

Physical psychological Behavioural stress નો આધાર મોટે ભાગે "Human Behavioural" પર રહેલો છે.આ મનોભાર પર વાતાવરણ અને જીવનશૈલીમાંથી જ ઉત્પન્ન થાય છે.મનોભાર ત્રણ પ્રકારના છે.પર્યાવરણજન્ય મનોભાર,સામાજિક મનોભાર,મનોવૈજ્ઞાનિક મનોભાર આ ત્રણ પ્રકારના મનોભાર છે.

(૧) પર્યાવરણ મનોભાર :

અણધારી આફતો મનોભાર ઉત્પન્ન કરે છે.જેમકે આગ;પૂર;ધરતીકંપ વગેરે.આવી ઘટનાઓને વિનાશક કે વિપત્તિઓ કહી શકાય.આવી ઘટનાઓ વાંરવાર એક જ મોટી સંખ્યામાં અસરકારક લોકોને અસર કરે છે.

(૨) સામાજિક મનોભાર :

Scanned with CamScanner

સામાજિક ઘટનાઓ કે સામાજિક પરિસ્થિતિઓ જેવી .કે કુટુંબીજનનું મૃત્યુ.લાંબો કે મંદવાડ.તંગસબંધો.છૂટાછેડા.વેરભાવથી સેવામા પડોશીઓ.સ્નેહીજનોનો વિયોગ વગેરે સામાજિક મનોભા

(૩) મનોવૈજ્ઞાનિક મનોભાર:

વ્યક્તિ માટે આ એક અંગત પરિબળ છે.જેનો ઉદભવ અંગત હોય છે.અને તેનુ સ્થાન આતરિક હોય છે.કે હતાશા.સંઘર્ષ અને દબાણ વગેરે મનોવૈજ્ઞાનિક મનોભાર છે.

મનોભારના કારણો :

૧. મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ

૨.જીવન સંજોગો

૩.વ્યક્તિત્વ

૪.જાતિ

૫.બુધ્ધિ

૬.કૌટુંબિક કારણો

૭.વ્યવસાય

૮.સામાજિક સ્થાન

૯.આર્થિક સ્થાન

૧૦.આધુનિકરણ

૧૧.ઔધોગિક સ્થાન

૧૨.વ્યક્તિગત કારણો

મનોભાર માટે આ પ્રકારના કારણો જવાબદાર છે.

સંશોધનનો ઉદ્દેશ:

૧.નર્સ અને બેંક કર્મચારીના વ્યાવસાયિક મનોભાર અંગે જાણકારી મેળવવી.

૨.ઓછો અને વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના વ્યસાયિક મનોભાર અંગે જાણકારી મેળવવી.

૩.સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા કર્મચારીઓના વ્યસાયિક મનોભાર અંગે જાણકારી મેળવવી.

૪.સરકારી અને બિનસરકારી કર્મચારીઓના વ્યસાયિક મનોભાર અંગે જાણકારી મેળવવી.

૫. વ્યસાયિક મનોભાર અને કર્મચારીઓ વચ્ચે કોઇ સંબધ નથી.

સંશોધનની ઉત્કલ્પનાઓ

૧.નર્સ કર્મચારી અને બેંકના કર્મચારીઓમાં વ્યસાયિક મનોભાર વચ્ચે કોઇ તફાવત નથી.

૨.ઓછો અને વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓમાં વ્યસાયિક મનોભાર વચ્ચે કોઇ તફાવત નથી.

૩. સંયુક્ત અને વિભક્ત કુટુંબમાં રહેતા કર્મચારીઓના વ્યસાયિક મનોભાર વચ્ચે કોઇ તફાવત નથી.

૪.નર્સ અને બેંક તેમજ ઓછો અને વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના મનોભાર વચ્ચે કોઇ તફાવત નથી.

૫. વ્યસાયિક મનોભાર અને કર્મચારીઓ વચ્ચે કોઇ તફાવત નથી.

પરિવર્ત્ય :

ક્રમ	સ્વતંત્ર પરિવર્ત્ય	કક્ષાઓ
૧	નોકરીનો પ્રકાર	બેંક કર્મચારી

Scanned with CamScanner

૨	અનુભવ	૧ થી ૧૦/૧૧ થી ૨૦
3	કુટુંબના પ્રકાર	સંયુક્ત/વિભક્ત
૪	નોકરી	સરકારી/બિનસરકારી

ફેકટોરિયલ ડિઝાઇન

2X2

કુલ નિદર્શ = 200n=50

	A
B1	૪૦
B2	૪૦
	કુલ

A= નોકરીનો પ્રકાર A1 બેંક કર્મચારી

B= અનુભવ B1 ૧ થી ૧૦ ઓછો અનુભવ B2 ૧૧ થી ૨૦ વધુ અનુભવ

પરિવર્ત્ય	બેંક કર્મચારી	કુલ
	સ્ત્રી	
૧ થી ૧૦ ઓછો અનુભવ	૪૦	૪૦
૧૧ થી ૨૦ વધુ અનુભવ	૪૦	૪૦
કુલ	૮૦	૮ ૦

પરિચારિકા અને બેંક કર્મચારીઓના વ્યવસાયિક મનોભામાં કોઇ તફાવત ધરાવે છે કે કેમ તેઓ તેનો અભ્યાસ કરવા માટે 2X2 ફેકટોરીયલ યોજના પસંદ કરવામાં આવી હતી.આ યોજના અંતર્ગત ઉપરોક્ત સ્વતંત્ર પરિવર્ત્યોની મુખ્ય અને આંતરક્રિયાત્મક અસર માટેની યોજનામાં ઉદ્દભવતા કુલ ૨ જુથોમાં સમાન સંખ્યાના નિદર્શપાત્રો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું કુલ ૮ ૦ પાત્રો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો.

બેંકના કર્મચારિઓના વ્યવસાયિક મનોભારના પ્રાપ્તાંકોના મધ્યકો.પ્રમાણ વિચલન અને 't' મુલ્ય (N=122)

વ્યવસાયિક મનોભાર	સંખ્યા (n)	મધ્યક (M)	પ્રમાણ વિચલન (SD)	't' મૂલ્ય
૧ થી ૧૦ ઓછો અનુભવ	34	23.35	2.96	4.33 **
૧૧ થી ૨૦ વધુ અનુભવ	88	21.58	3.65	
**P>0.01				

નિરીક્ષણ કરતાં જોવા મળે છે કે ૧ થી ૧૦ ઓછો અનુભવ ધરાવતા કર્મચારી અને ૧૧ થી ૨૦ વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના પ્રાપ્તાંકોનુ તફાવતનું 't' મૂલ્ય ૪.૩૩ છે. જે ૦.૦૧ કક્ષાની સાર્થકતા ધરાવે છે. ૧ થી ૧૦ ઓછો અનુભવ ધરાવતા કર્મચારીઓ અને ૧૧ થી ૨૦ વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓમાં વ્યસાયિક મનોભાર ઓછો છે.

૧ થી ૧૦ ઓછો અનુભવ ધરાવતા કર્મચારીઓ અને ૧૧ થી ૨૦ વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના સંતોષનાં મધ્યકો.પ્રમાણ વિચલન અને 't' મૂલ્ય (N=122)

વ્યવસાયિક મનોભાર	સંખ્યા (n)	મધ્યક (M)	પ્રમાણ વિચલન (SD)	't' મૂલ્ય

Scanned with CamScanner

ISSN: 2348-9456
Impact Factor: 5.8

૧ થી ૧૦ ઓછો અનુભવ	34	3.59	0.66	1.75 NS
૧૧ થી ૨૦ વધુ અનુભવ	88	3.80	0.43	
NS= Not Significant				

નિરીક્ષણ કરતાં જોવા મળે છે કે ૧ થી ૧૦ ઓછો અનુભવ ધરાવતા કર્મચારીઓમાં સંતોષનાં પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 3.59 અને 3.80 જોવા મળે છે.તેમની વચ્ચેના તફાવતનું't' મૂલ્ય 1.75 છે.જે 0.05 કક્ષાએ પણ સાર્થક તફાવત ધરાવતું નથી.અને શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.એટલે કે સાર્થક તફાવત ધરાવતી નથી.

<u>સંદર્ભગ્રંથ</u>

૧.Duddhaniya D.A (1998) A Study of Occupational Stress, Organizational Health, Organizational commitment and Job involvement of public and private Sector employers unpublished Ph.D Thesis Saurashtra Uni.Rajkot.

૨. Shri Vastav , A.k. and Shingh H.S. (1988) Modifying effect of coping Strategies an the relation of Organizational Role Stress and mental Health Psychological Report Vol. 62 peg.1007 to 1009.

3. Borg, M. G. & Falzon, J.M. (1989). Stress and job satisfaction among Primary School teachers in Malta. Educational Review, 41, pp. 271-279.

Scanned with CamScanner